# ગુજરાતઃ મહેતા યુગથી મોદી યુગ, વિકાસ અને વિવાદ

વિકાસનું રોલ મોડેલ ગણાતાં ગુજરાત રાજ્યને 1 મે 2011 ના રોજ 50 વર્ષ પૂર્ણ થયા. બૃહદ મુંબઇમાંથી અલગ પડેલા ગુજરાતને વિકાસનું પર્યાય બનવા માટે ઘણી કપરી પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડ્યું. ઘણા વિઘ્નો આવ્યાં. પૂર, દુકાળ, ભૂકંપ, પ્લેગ જેવી કુદરતી આપત્તિઓમાંથી ગુજરાત બેઠું થાય ત્યાં તો કોમી રમખાણોએ ગુજરાતની છબી વૈશ્વિક સ્તરે ખરડી છતાં પણ ગુજરતે ન તો હિમંત હારી કે ન તો તે એક ડગલું પણ પાછળ ખસ્યું.

બધાની નજરોમાં અળખામણું થઇ ગયું હોવા છતાં પણ ગુજરાતે આજે એ હદે વિકાસ કર્યો છે કે બીજા રાજ્યો તેની વિકાસ પ્રણાલીને અપનાવી રહ્યાં છે તો અમુક રાષ્ટ્રોની પ્રતિષ્ઠિત કંપનીઓ રોકાણ માટે ગુજરાતને અગ્રીમતા આપી રહી છે.

જો કે, આજનો વિકાસ માત્ર એકલ-દોકલ શાસનકર્તાઓના કારણે નથી. વિકાસની રેલગાડી આગળ ધપાવી રહેલા ગુજરાતે બૃહદ મુંબઇમાંથી અલગ થવા માટે પણ મોટી લડત ચલાવી પડી હતી. પહેલા તો ગુજરાતને અલગ રાજ્ય બનાવવા માટે મહા ગુજરાત અભિયાન ચલાવ્યું અને ત્યાર બાદ અલગ રાજ્ય થઇ ગયા બાદ અન્ય રાજ્યોની લગોલગ ઉભા રહેવા સક્ષમ બનાવ્યું. જે ગુજરાતને અલગ કરવા માટે જવાહરલાલ નહેરૂ પહેલા આનાકાની કરી રહ્યાં હતા તે ગુજરાતે કીડી પગે વિકાસના પથ પર આગળ વધવાની શરૂઆત કરી.

રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતાના કાર્યકાળમાં શરૂ થયેલી વિકાસ યાત્રાને હાલના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રેષ્ઠ રીતે આગળ વધારી છે. 50 વર્ષની ગુજરાતની યાત્રામાં અનેક સુકાનીઓ આવ્યાં જેમના સમયગાળા દરમિયાન ગુજરાતે હરણફાળ વિકાસ કર્યો તો ગુજરાતને નીચું જોવું પડે તેવી ઘટનાઓ પણ ઘટી.

કેટલાક સુકાનીઓને લોકોના રોષનો ભોગ બનવું પડ્યું અને તેઓએ સત્તા ત્યાગ કરવો પડ્યો. અહીંયા ગુજરાતના અત્યારસુધીના સુકાનીઓ કે જેમના સમયકાળ દરમિયાન ગુજરાતે ઓછે-વત્તે અંશે કરેલો વિકાસ અને તેમના સમયગાળા દરમિયાન ઉદ્દભવેલા વિવાદો અંગે આછેરી ઝલક આપવામાં આવી છે.

**ગુજરાતના મુખ્યમંત્રીઓના કાર્યકાળમાં થયેલો વિકાસ અને વિવાદ**

### 1- ડો. જીવરાજ મહેતા

**વિકાસ :**

મુંબઇ રાજ્યનું વિભાજન થતાં ડો. જીવરાજ મહેતાને ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. તેઓએ 73 વર્ષની વયે ગુજરાતને વિકાસના પથ પર લઇ જવા માટેનું બીડું ઝડપ્યું હતું. મુંબઇથી અલગ થયેલા રાજ્યનો વહિવટ કરવો એ સમયે સહેલો ન હતો. તેમ છતાં તેઓએ પોતાના કુશળ વહિવટના જોરે રાજ્યના વહીવટનો પાયો સુદ્રઢ બનાવ્યો.

રાજ્યની રચનાની જાહેરાતના ત્રણ માસના ટૂંકાગાળામાં જ તેઓએ સમયસર રાજ્યનું સચિવાલય, ધારાસભાગૃહ, રાજ્યના વહીવટી આવાસ-નિવાસો ઉભા કરવાનું કાર્ય પાર પાડ્યું. ઉપરાંત તેમણે ગુજરાતના પ્રશ્નોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો. જેમાં ખેતી, સિંચાઇ, વીજળી, રસ્તાઓની ઉણપ પૂરવા તેમણે ઝડપી પગલા ભર્યા.

ગુજરાતમાં સ્ટેટ ફર્ટિલાઇઝર કંપનીની સ્થાપના, પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગની વડોદરામાં સ્થાપના, અમદાવાદમાં વિશ્વપ્રખ્યાત સિવિલ હોસ્પિટલનું બાંધકામ, ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડની રચના, દારુબંધી અને વિધાનસભામાં પંચાયત ધારો પસાર કરાવ્યો. તેમણે રાજ્યની નવી રાજધાની ક્યાં રાખવી તે અંગે ગહન ચર્ચા કર્યા બાદ ગાંધીનગર સ્થાપવાની યોજના બનાવી.

**ધારાસભામાં અવિશ્વાસની દરખાસ્ત મુકાતાં રાજીનામું**

ચૂંટણીમાં પરાજિત થયેલા બળવંતરાય મહેતા વિધાનસભામાં પ્રવેશી શકે એ માટે શિહોરની બેઠકના ધારાસભ્યે રાજીનામું આપ્યું. એ બેઠક પરથી બળવંતરાય પેટાચૂંટણી લડ્યા અને તા. ૨૭મી મે, ૧૯૬૩ના રોજ ચૂંટાઈને વિધાનસભામાં પ્રવેશ્યા. વિરોધપક્ષના નેતા ભાઈલાલભાઈ પટેલે તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૬૩ના રોજ જીવરાજભાઈના મંત્રીમંડળ સામે ધારાસભામાં અવિશ્વાસની દરખાસ્ત મૂકી. તે ૩૧ વિરુદ્ધ ૧૦૧ મતે ઊડી ગઈ. તેમ છતાં રાજકીય ખટપટના વિરોધી ડો. જીવરાજભાઈએ ૧૧મી સપ્ટેમ્બરે પોતાનું રાજીનામું આપી દીધું.

**2- બળવંતરાય મહેતા**

ડો. જીવરાજ મહેતાએ અવિશ્વાસની દરખાસ્ત બાદ પોતાના પદનો ત્યાગ કર્યા બાદ બળવંત રાય મહેતા ગુજરાતના બીજા મુખ્યમંત્રી બન્યા. તેઓએ જીવરાજ મહેતાએ અધુરી મુકેલી વિકાસયાત્રાને આગળ વધારતાં ધુવારણ વીજ મથક, ઔદ્યોગિક વસાહતો અને કોયલી રિફાયનરીની સ્થાપના ગુજરાતમાં કરી.

આ ઉપરાંત રાજ્યમાં ભારતિય વિદ્યા ભવન સ્થાપ્યું. દેશમાં પંચાયતી રાજ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જો કે, લોકશાહીનું વિકેન્દ્રીકરણ કરવા અંગેની બાબતો સાથે તેમનું નામ સતત જોડાતું રહ્યું હતું. તેઓની હત્યા પાકિસ્તાનના ફાઇટર પ્લેન દ્વારા કરવામાં આવી હતી.

**3- હિતેન્દ્ર દેસાઇ**

બળવંત રાયના નિધન બાદ ગુજરાતના ત્રીજા મુખ્યમંત્રી તરીકે હિતેન્દ્ર દેસાઇની પસંદગી કરવામાં આવી હતી. તેઓ ગુજરાતના મુખ્યમંત્રીપદે રહ્યાં ત્યાં સુધી તેઓએ સતત ગુજરાતના વિકાસ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેઓએ રાજ્યના પછાત વર્ગના લોકો આગળ આવે તે માટે વિકાસશીલ યોજનાઓ બનાવી હતી. જમીન સુધારણા અને સમાજ કલ્યાણ અંગે યોજના, તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ, મફતમાં છાત્રાલયની સુવિધા ઉપરાંત સહકાર અને સિંચાઇના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી હતી.

**4- ઘનશ્યામભાઇ ઓઝા**

ગુજરાતના મુખ્યમંત્રી પદે બિરાજ્યા બાદ ઘનશ્યામભાઇ છોટાલાલ ઓઝાએ અનેક વિકાસલક્ષી અને સુધારાલક્ષી પગલાં ભર્યા હતા અને ગુજરાતને વધુ સુદ્રઢ બનાવ્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં માધ્યમિક શિક્ષણ વિધેયક લાગુ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત ખાનગી શિક્ષણસંસ્થાઓના સંચાલનમાં પણ તેઓએ મોટા ફેરફાર કર્યાં હતા. તેમણે ગુજરાતમાં આદિજાતી વિકાસ કોર્પોરેશનનો પણ પ્રારંભ કર્યો હતો.

**ચીમનભાઇ પટેલ સાથે વિખવાદ**

ઘનશ્યામભાઇ પટેલને જ્યારથી ગુજરાતના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા ત્યારથી જ તેમની અને ચીમનભાઇ પટેલ વચ્ચેના વિવખાદના સમાચાર આવતા રહ્યાં હતા. ચીમનભાઇને સૌથી વધારે એમએલએનું સમર્થન હતું. તેમ છતાં ઇન્દિરા ગાંધીએ ઘનશ્યામભાઇને ગુજરાતના મુખ્યમંત્રી બનાવ્યાં હતા. 1972 ની ચૂંટણી દરમિયાન બન્નેના સંબંધો વધુ બગડતાં કોંગ્રેસ પાર્ટીને ઓઝાને મુખ્યમંત્રીપદેથી હટાવવાની ફરજ પડી હતી અને તેમના સ્થાને ચીમનભાઇ પટેલને મુખ્યમંત્રી બનાવ્યા હતા.

**5- ચીમનભાઇ પટેલ**

ઘનશ્યામભાઇ ઓઝાને મુખ્યમંત્રીપદેથી દુર કર્યા બાદ ચીમનભાઇ પટેલને ગુજરાતના મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં ઘણા પરિવર્તન આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન નર્મદા ડેમ પ્રોજેક્ટના પાયા નંખાયા હતા. તેઓ નર્મદા ડેમને ગુજરાતની જીવાદોરી સમાન ગણતા હતા. તેઓએ એક સ્વપ્નદ્રષ્ટા નેતા હતા. તેઓ ગુજરાતને મોર્ડન ઇન્ડસ્ટ્રીયલ સ્ટેટ બનાવવા માંગતા હતા. તેમણે નયા ગુજરાતનું સ્પપ્ન સાકાર કરવા માટે અથાગ પ્રયાસો કર્યા હતા.

**ભ્રષ્ટાચારના આક્ષેપ બાદ રાજીનામું**

પહેલા ઘનશ્યામભાઇ ઓઝા સાથે આતંરિક વિખવાદ અને ત્યાર બાદ ભ્રષ્ટાચારના આરોપો તેમના પર લાગ્યા હતા. એક વિવાદે તેમને સત્તા અપાવી હતી તો બીજા વિવાદના કારણે તેમણે સત્તા પરથી ઉતરવું પડ્યું હતું. 1974 માં ચીમનભાઇ પટેલ વિરુદ્ધ નવનિર્માણ મુવમેન્ટ ચલાવાઇ હતી અને તેમના વિરુદ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. જેના કારણે તેમણે સત્તા ત્યાગ કરવો પડ્યો હતો. ત્યાર બાદ તેઓ 1990 માં ભાજપ અને જનતા પાર્ટીની મદદથી મુખ્યમંત્રી બન્યા હતા પરંતુ ભાજપ સાથે વિખવાદ થતાં ભાજપે સમર્થન પાછું ખેંચ્યું હતું અને તેઓ ફરી કોંગ્રેસ સાથે જોડાયા હતાં અને ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા.**6- બાબુભાઇ પટેલ**

નવ નિર્માણ અને ઇમરજન્સીની વચ્ચે બાબુભાઇ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. જો કે, 1975 થી 1976 સુધી મુખ્યમંત્રી રહ્યા બાદ તેઓ ફરી 1977 માં મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા હતા. ત્યાર બાદ તેઓ ત્રણ વર્ષ સુધી મુખ્યમંત્રી રહ્યાં હતા. જેમાં તેમણે ગુજરાતમાં ગ્રામ વિકાસ, આદિવાસી વિસ્તારોનો વિકાસ, ખેડૂતોના દેવાનો પ્રશ્ન, ઉદ્યોગોનું આયોજન, માતૃભાષામાં વહિવટ અને અંત્યોદય જેવી યોજનાઓ લાવી ગુજરાતની જનતાના લાભને ધ્યાનમાં રાખ્યો હતો.

**7- માધવસિંહ સોલંકી**

દેશમાં ચાલી રહેલી કટોકટી દરમિયાન બાબુભાઇ પટેલના સ્થાને માધવસિંહ સોલંકીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. તેઓ ચાર વખત રાજ્યના મુખ્યમંત્રી પદે રહ્યાં હતા. તેઓના કાર્યકાળ દરમિયાન ગુજરાતે અવિરતપણે વિકાસની ગાથા લખી હતી.

તેમના કાર્યકાળમાં ઉદ્યોગ, શિક્ષણ, વીજળી, સિંચાઇ, કુટુંબપોથી અને કન્યા કેળવણી મફત જેવા મહત્વના સુધારા લાવ્યા આવ્યા હતા. તેઓ છેલ્લી વખત 1989-90 દરમિયાન મુખ્યમંત્રી બન્યા હતા. જો કે તેઓ માત્ર ચાર મહિના સુધી જ મુખ્યમંત્રી પદે રહી શક્યા હતા.

**8- અમરસિંહ ચૌધરી**

અમરસિંહ ચૌધરી ગુજરાતના પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી હતા. તેઓએ 1985 થી 1989 સુધી આખી ટર્મ પુરી કરી હતી. તેઓએ રાજ્યના રાજકારણમાં પોતાની એક આગવી છાપ છોડી હતી. તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં કૃષિ, ઔધોગિક ક્ષેત્રે સારો એવો વિકાસ નોંધાયો હતો.

**9- કેશુભાઇ પટેલ**

ગુજરાતના રાજકારણમાં પરિવર્તનની આંધી કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે આવી હતી. તેઓ ભારતીય જનતા પાર્ટીના પ્રથમ મુખ્યમંત્રી હતા. અને પહેલીવાર ગુજરાતમાં નોન કોંગ્રેસ પાર્ટી સત્તા પર આવી હતી. આ પહેલા

બાબુભાઇ પટેલના કાર્યકાળ દરમિયાન જનતા મોરચો સત્તા પર આવ્યો હતો. પરંતુ ખરા અર્થમાં પરિવર્તન કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારથી થયું હતું. તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતે સારો એવો વિકાસ નોંધાવ્યો હતો. જેમાં નર્મદા ડેમ, વોટર રિસોર્સ, લોક કાર્યો, ગરીબો માટે ગોકુળ ગામ, ગુજરાત ઇન્ફો ટેક્નોલોજી જેવા વિકાસના કાર્યો છે.

**પહેલા શંકરસિંહ વાઘેલા અને પછી ભૂકંપ**

ગુજરાતમાં જ્યારે પ્રથમ વખત ભાજપની સરકાર આવી ત્યારે શંકરસિંહ વાઘેલાએ તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ વિરુદ્ધ બળવો પોકાર્યો હતો. જેના કારણે કેશુભાઇને સત્તા ત્યાગ કરવાનો વારો આવ્યો હતો. જો કે, ત્યાર બાદ તેઓ 1998 માં ફરી એક વખત મુખ્યમંત્રી પદ પર આવ્યા હતા. પરંતુ 2001 માં આવેલા ભૂકંપ દરમિયાન વિરોધ પક્ષ દ્વારા ભ્રષ્ટાચારનો આરોપ લગાવવામાં આવ્યો હતો અને તેમણે ફરી એક વખત સત્તા પરથી હટવાની ફરજ પડી હતી. ત્યારબાદ ભાજપે તેમના સ્થાને નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રી બનાવ્યા હતા.

**9- શંકરસિંહ વાઘેલા**

ભાજપ જ્યારે પ્રથમ વખત ગુજરાતમાં સત્તા પર આવ્યું ત્યારે મુખ્યમંત્રી તરીકે કેશુભાઇની પસંદગી કરવામાં આવી હતી. જો કે, શંકરસિંહે વિરોધ નોંધાવ્યો હતો. અંતે તેમણે કેશુભાઇ વિરૂદ્ધ બળવો પોકારી એક અલગ પક્ષ રાષ્ટ્રીય જનતા પાર્ટી બનાવ્યો હતો અને રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં નવા જિલ્લા, તાલુકા, જિલ્લાઓની પૂન:રચના કરવામાં આવી હતી. તેઓએ ગુજરાતની અશ્મિતામાં વિશેષ રસ દાખવ્યો હતો.

**ભાજપમાંથી છુટા પડી પોતાની પાર્ટી બનાવી ત્યાર બાદ કોંગ્રેસમાં જોડાયા**

ગુજરાતમાં પહેલીવાર સત્તામાં આવેલા ભાજપમાં શરૂઆતથી જ વિવાદો થવા માંડ્યા હતા. કેશુભાઇ પટેલને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા તે શંકરસિંહ વાઘેલાને પસંદ પડ્યું નહતું અને તેઓએ વિરોધ નોંધાવ્યો હતો. જેના કારણે કેશુભાઇની પહેલી ટર્મ અલ્પ સમયની રહી હતી. જો કે, ત્યાર બાદ શંકરસિંહે ભાજપ સાથે છેડો ફાડ્યો હતો અને પોતાની પાર્ટી લોન્ચ કરી હતી. જે થકી તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. બાદમાં તેઓ કોંગ્રેસ સાથે જોડાઇ ગયા હતા.

**12- નરેન્દ્ર મોદી**

નરેન્દ્ર મોદી હાલ ગુજરાતના વિકાસપુરુષ તરીકે જાણીતા છે. ભૂકંપ બાદ રાજ્યમાં અને ગુજરાત ભાજપમાં સ્થિરતા લાવવા માટેની જવાબદારી નરેન્દ્ર મોદીને સોંપવામાં આવી હતી. જે કામ તેઓએ સકુશળ કર્યું અને 2001 થી અત્યાર સુધી ભાજપે તેમના નેતૃત્વ હેઠળ સારી રીતે કાર્ય કર્યું છે.

નરેન્દ્ર મોદીના સમયગાળા દરમિયાન ગુજરાતે અનેક વિકાસશીલ કાર્યો કર્યા છે. જેમાં જળસિંચાઇ, નાના ગામડાઓનું શહેરીકરણ, જ્યોતિગ્રામ યોજના, નાના ગામડાઓનું મોટા શહેરો સાથે જોડાણ, અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે, અમદાવાદમાં બીઆરટીએસ, ઇન્ફોસિટી, નોલેજ સિટી, દરિયાકાંઠાના વિસ્તારોનો વિકાસ, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ થકી અન્ય રાજ્યો અને દેશોમાંથી મોટા ઉદ્યોગપતિઓને ગુજરાત તરફ આકર્ષ્યા, રોજગારીનો વ્યાપ વધાર્યો.

**વિવાદ:**

કેશુભાઇ પટેલને હટાવીને મુખ્યમંત્રીપદ પર નરેન્દ્ર મોદીની નિયુક્તિ કરવામાં આવી ત્યારથી તેમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. શરૂઆતમાં કેશુભાઇને હટાવવામાં તેમનો હાથ હોવાની વાતો બહાર આવી. ત્યાર બાદ 2002 માં ગોધરાકાંડ, સૌહરાબુદ્દીન અને ઇશરત એન્કાઉન્ટર કેસને લઇને તેમની સરકારની આકરી ટીકા કરવામાં આવી.

વિરોધ પક્ષ દ્વારા અવાર નવાર તેમના રાજીનામાની માંગ કરવામાં આવી ઉપરાંત તેમની પાર્ટીના કેટલાક નેતાઓ દ્વારા જ તેમનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં ગોરધન ઝડફિયાએ મોદી વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું હતું. જો કે, તેઓ ફાવ્યા ન હતા.

2007 માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મોદી વિશે 'મોતના સોદાગર' એવો શબ્દ વાપરવામાં આવ્યો હતો. મોદીએ આ જ શબ્દનો ઉપયોગ રાજ્યના મતદારોના મત મેળવવામાં કર્યો. પરિણામ એ આવ્યું કે મોદીને ખોબલે-ખોબલે મત મળ્યા અને ફરીથી ગાંધીનગરની ગાદી પર સત્તારૂઢ થયા. તેઓ છેલ્લા 10 વર્ષથી ગુજરાતના મુખ્યમંત્રી પદે છે. અનેક વિવાદ હોવા છતાં તેઓ વિકાસના માર્ગમાં ગુજરાતને શ્રેષ્ઠ રીતે દોરી રહ્યાં છે.